॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી વીતરાગાય નમઃ ॥ ॥ નમો નાણસ્સ ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakwashi Jain Mahasangh, Mumbai

સંચાલિત :

## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**તા. ૦૭-૦૮-૨૦૧૬** • સમયઃ બપોરે ૨.૦૦ થી ૫.૩૦ • **શ્રેણી : ૧૯** • ગુણ : ૧૦૦

**( Dharmik Shikshan Board Certificate Course Level : 19 )**

**પ્રશ્ન - ૧ : સામાયિક પ્રતિક્રમણને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** ૧૦

(ક) નીચેના શબ્દો કયા પાઠના છે ? તે શુદ્ધ છે કે અશુદ્ધ ? અશુદ્ધ હોય તે સુધારીને લખો.

(૧) સમાણેમ્મિ, અભ્ભગો, સવ્વમિચ્છોવયારાએ, નિલંછણક્કમે, પરિનિવ્વાયંતિ. (૫)

(૨) એક વાક્યમાં તફાવત સ્પષ્ટ કરો. ૧) પ્રતિલેખના-પ્રમાર્જન. ૨) અનશન - સંલેખના (૫)
૩) પરિગ્રહ - લોભ ૪) સંમૂર્ચ્છિમ - ગર્ભજ (૫) ચૌવિહાર - તિવિહાર.

(ખ) કર્મગ્રંથના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : ૧૦

(૧) બીજા કર્મગ્રંથનું નામ શું છે ? શા માટે ?

(૨) શ્રાવક સિંહ કેટલા પ્રકારનું આયુષ્ય બાંધે ? શા માટે ?
ચોથા ગુણસ્થાનને છેડે ૧૦ પ્રકૃતિનો બંધ-વિચ્છેદ શા માટે ?

(૩) ચારે પ્રકારના માનનો બંધ ક્યાં થાય અને બંધવિચ્છેદ ક્યાં થાય ?

(૪) નવમા ગુણસ્થાનના બીજાથી પાંચમા ભાગે કેટલી અને કઈ કઈ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય ?

(૫) મહાવિદેહના અને ભરતક્ષેત્રના હમણાનાં સાધુ-સાધ્વી લાભાંતરાય અને
દેવગતિ કેટલા ગુણસ્થાનક સુધી બાંધે.

**પ્રશ્ન - ૨ : આચારાંગ સૂત્રને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :** ૫

(૧) કેટલાંક પ્રાણીઓને શું ખબર હોતી નથી ? (૨)

(૨) સંસારી પ્રાણી સાવદ્યક્રિયા શા માટે કરે છે ? (૨)

(૩) અટ્ટેલોએ પરિજુન્ને દુસ્સંબોહે અવિજાણએ'નો અર્થ લખો. (૧)

**પ્રશ્ન - ૩ : ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :** ૧૦

(૧) ચાર મહાવ્રતરૂપ ધર્મ કયો છે ? (૨)

(૨) ચાર ભત્તકથાઓ લખો. (૪)

(૩) લોકાંધકારના કારણો લખો. (૪)

**પ્રશ્ન - ૪ : જ્ઞાતાધર્મકથાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખોઃ (કોઈ પણ પાંચ)** ૧૦

(૧) મહાબલ કયા દ્વીપ ક્ષેત્રની વિજયનગરીના કોના પુત્ર હતા ? માતાએ શું સ્વપ્ન જોયું ?
કોની સાથે વિવાહ કર્યાં ?

(૨) મલ્લિકુમારીને પાંચે જ્ઞાન ક્યારે ક્યારે ઉત્પન્ન થયા ?

(૩) પ્રતિબુધ્ધ રાજા મલ્લિકુમારી પ્રતિ મોહિત કેવી રીતે બન્યા ?

(૪) અર્હન્નક કયા કયા પ્રકારના માલ લઈને જહાજમાં નીકળ્યા ?

(૫) ચોક્ષાના મતે નિર્વિઘ્ને સ્વર્ગમાં કેવી રીતે જવાય ? મલ્લિકુમારીએ તેને શું જવાબ આપ્યો ?

(૬) મોહનગૃહમાં શું હતું ? ત્યાં આવેલા રાજાઓએ પોતાનું મુખ શા માટે ઢાંકી દીધું ?

(૭) નીચેના વાક્યો કોણ, કોને કહે છે ?
(i) આ જ કૂવો અને આ જ સાગર છે. (ii) તે શ્રેષ્ઠકન્યા મલ્લી કેવી છે ?

## અથવા

**પ્રશ્ન - ૪ : નિરયાવલિકાને આધારે જવાબ લખો (કોઈ પણ પાંચ) :** ૧૦

(૧) ચંપાનગરી ક્યાં હતી ? કેવી હતી ? તેમાં ક્યાં કયું વ્યંતરાલયન હતું ? તેમાં કોણ રહેતું હતું ?

(૨) કાલી રાણીએ ધર્મશ્રવણ કરીને ભગવાનને કેવી રીતે કયો પ્રશ્ન પૂછ્યો ?

(૩) અભયકુમાર કોણ હતા ? કઈ કઈ નીતિમાં કુશળ હતા ?

(પાછળ જુઓ)

(૪) દોહદ, ગંધમાલા, આયો, વત્તિપુત્રક, ઉદાર, કોણિક, વ્યાઘાત અને પરસુ એ આઠ શબ્દના અર્થ લખો.

(૫) ચેલણા રાણી પાસેથી શ્રેણિક રાજાના સ્નેહરાગયુક્તનો પ્રસંગ સાંભળીને કોણિકે પોતાની માતાને શું કહ્યું ?

(૬) શ્રેણિકરાજાએ કયું વિષ, મુખમાં શા માટે મૂક્યું ?

(૭) શ્રેણિક રાજાની નંદાદેવી નામે રાણી હતી (અ) શ્રેષ્ઠ રથ જોડીને લાવો. આ બે વાક્ય કોણ કોને કહે છે ?

**પ્રશ્ન – ૫ : ઉપાશકદશાંગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :** (૬) ૨૦

(ક) (૧) ચૂલણી પિતાને દેવે પ્રથમ વખત શું ધમકી આપી ?

(૨) ચૂલણી પિતાને ભદ્રામાતાએ પ્રાયશ્ચિત લેવાનું શા માટે કહ્યું ?

**(બ) અંતકૃતદશાંગના આધારે જવાબ લખો : (કોઈ પણ સાત)** (૧૪)

(૧) છએ અણગારનું રૂપ કેવું હતું ? કોના જેવું હતું ?

(૨) દેવકી રાણીએ ત્રીજા સંઘાડાને શું પૂછ્યું ?

(૩) દેવકી રાણીને અતિમુક્ત મુનિએ ક્યારે ક્યાં શું કહ્યું હતું ?

(૪) સુલસાની સેવાથી પ્રસન્ન થઈને હરિણગમૈષી દેવે શું યોજના કરી ?

(૫) સૌમિલ કોણ હતો ? ક્યાં રહેતો હતો ? તેની પત્ની અને પુત્રીનું નામ શું હતું ? તે બંને કેવી હતી ?

(૬) ગજસુકુમાલે દીક્ષા લઈને ભગવાન પાસે શેની આજ્ઞા માગી ?

(૭) ધ્યાનસ્થ ગજસુકુમાલને જોઈને સૌમિલ સ્વગત (મનમાં) શું બોલ્યો ?

(૮) નીચેના વાક્યો કોણ કોને કહે છે ?

(ii) તમે ચિંતા ન કરો. (i) અતિમુક્ત મુનિના વચન અસત્ય કેવી રીતે થયાં ?

**પ્રશ્ન – ૬ : દશવૈકાલિકના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :** ૧૫

**(ક) ગાથાઓ પૂરી કરો :** (૬)

**(१) अभिगम चउरो .... पयखेममप्पणो (२) जो पावगं ..... गुरुणं**

**(३) विविहगुण....तवसमाहिए...**

**(ખ) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ આપો : ૧+૨+૨+૨+૧+૧** (૯)

(૧) સાપની કઈ બે જાતિ અહીં બતાવી છે ? અર્થ સાથે લખો.

(૨) મેઘમુનિના દૃષ્ટાંતથી શું સમજાવ્યું છે ?

(૩) અનંતા સંસારમાં કોણ ગોથા ખાય છે ? કોની જેમ ?

(૪) લૌકિક વિદ્યા શીખવા માટે રાજકુમાર આદિ શું કરે છે ?

(૫) સાધુએ ગોચરી કેવી રીતે કરવાની હોય ?

(૬) સિદ્ધગતિને કોણ પ્રાપ્ત કરે છે ?

**પ્રશ્ન – ૭ : ભગવતી સૂત્રને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ પાંચ)** ૧૦

(૧) જાગરિકા એટલે શું ? તે કેટલા પ્રકારની છે કઈ કઈ ?

(૨) છેલ્લા ચાર જ્ઞાનાચાર લખો

(૩) ગુપ્તિ એટલે શું ? તે કેટલી છે ? કઈ કઈ ?

(૪) આત્મા એટલે શું ?

(૫) યોગ અને ઉપયોગ આત્માની વ્યાખ્યા લખો.

(૬) વીર્ય માટે શાસ્ત્રમાં કેટલા અને કયા કયા શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે ?

(૭) ક્ષાયક સમકિતી મનુષ્ય અને યુગમંધર સ્વામીને કેટલા અને કયા કયા આત્મા હોય ?

**પ્રશ્ન – ૮ : પ્રજ્ઞાપના સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ પાંચ)** ૧૦

(૧) શીત આદિ યોનિ કોને કોને હોય ? તેનો અલ્પબહુત્વ લખો. (૪)

(૨) સંવુડા વિયડા એટલે શું ? તે કોને કોને હોય ? (૨)

(૩) નીચેનામાં ઉપપાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાન લખો. (૪)

(i) બરફ (ii) અપર્યાપ્તો વાયરો (બંને લેવાના)

(iii) વનસ્પતિનો પર્યાપ્તો (ત્રણે લેવાના) ((iv) વાશીના વાલજીભાઈ.

-----× × × ×-----